# સાહિત્ય અને પ્રેરણા

ધીરુ પરીખ

પ્રેરણા શબ્દ દ્વૈતનો સૂચક છે. કોઈ પ્રેરાય છે અને એ જે પ્રેરાય છે તેને પ્રેરનાર કોઈક છે. સાહિત્યના સંદર્ભમાં સાહિત્યકાર જે સર્જન કરે છે તે તો પ્રેરણાનું પરિણામ છે. કોઈ બાહ્ય ઘટના બને કે કોઈ મનોભાવ ઉત્પન્ન થાય ત્યારે ઘટનાનું સ્વરૂપ હોય છે, ભૌતિક સ્વરૂપ હોય છે, એ ઘટનાની માનસપટ પર અસર થાય ત્યારે વિચારસ્ફુલિંગો કે ભાવતરંગો સક્રિય બને છે. સર્જક આ ભૌતિક ઘટના કે માનસિક યા માનસશાસ્ત્રીય વલણોને શબ્દ દ્વારા આકાર અર્પે છે. આ જ બને છે સાહિત્ય.

અંગ્રેજીમાં આ પ્રેરણા માટે Inspiration (ઇન્સ્પિરેશન) શબ્દ છે જેના મૂળમાં inspire (ઇન્સ્પાયર) ક્રિયાપદ છે. આ ક્રિયાપદ મૂળ લૅટિનમાંથી આવ્યું છે. ત્યાં શબ્દ છે 'inspīr કે inspār' તેનો અર્થ થાય છે, શ્વાસ લેવો. બીજાને ઉશ્કેરવું, કે દૈવી પ્રભાવથી ઉત્તેજિત થવું વગેરે.

આપણે ત્યાં પણ આ પ્રેરણાના મૂળમાં પ્રેરિત કરવું એવું ક્રિયાપદ પણ વપરાય છે. તો આ પ્રેરિત કરે છે કોણ ? આ પ્રશ્નના બે રીતે જવાબો અપાયા છે : એક, આધ્યાત્મિકતા અને બીજું માનસશાસ્ત્રી વલણ. પશ્ચિમમાં પણ આ બંને પ્રેરક પરિબળોનો સ્વીકાર થયેલો છે.

કોઈ ઘટના-બનાવ કે ઊર્મિ-વિચાર ચિત્તને સ્પંદિત કરે છે તેમાં આધ્યાત્મિકતા કે માનસશાસ્ત્રીયતા કરતાં કોઈ શારીરિક સૂક્ષ્મતા અનુસ્યૂત જણાય છે. પરંતુ આ ઘટના માણસના ચિત્તમાં પહોંચે છે અને ચિત્ત એ સંદેશો મગજ સુધી પહોંચાડે છે. આમ થયા બાદ મગજ મનના સંદેશા પર કામ કરવા માટે સક્રિય બને છે. આ સક્રિયતાનું સાહિત્યિક પરિણામ તે સર્જન છે. એટલે આ રીતે જોવા જતાં કોઈ આંતરબાહ્ય ઘટનાનો ચેતોવિસ્તાર થાય છે અને એ જ ચેતોવિસ્તાર મગજ-બુદ્ધિને કાર્યરત કરે છે. આ કાર્યરત બુદ્ધિ સર્જન તરફ વળે છે.

આ રીતે સાહિત્યના નિર્માણમાં મગજ-બુદ્ધિને પ્રેરનાર કોઈ સ્થૂળ કે સૂક્ષ્મ તત્ત્વ હોય છે. અને આ રીતે પ્રેરિત સર્જકબુદ્ધિ પોતાના અનુભવોને શબ્દકલામાં રૂપાંતરિત કરે છે. આ રૂપાંતરિત થવાની ઘટના જ સર્જકકર્મ બની રહે છે. એક ઉદાહરણથી આ વાત સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરું છું.

આપણા કવિ કાન્તે ગોપનાથમાં પોતાની આંખ સામે ઊછળતા સાગરને જોયો. એ જ તબક્કે આકાશમાં વાદળવીજ પણ જુએ છે. એ ક્ષણે પૂર્વ દિશામાં ચંદ્રોદય પણ થાય છે. આનો કવિહૃદયમાં જે ભાવ પ્રકટે છે તે ક્લાન્ત ચિત્તને શાન્ત કરવા તરફની ગતિનો છે. હૃદયમાં આ ઘટના હર્ષ જન્માવે છે. આ બધી જ પાર્થિવ ઘટનાઓ છે. પરંતુ કવિ એને છંદોલય દ્વારા કાવ્યરૂપ આપે છે. આ કાવ્યની જન્મદાત્રી પેલી પ્રેરણા છે.

આ બાહ્ય ઘટનાઓથી પ્રેરાઈને કવિ કાવ્યરચના તરફ વળે છે :

**‘આજ, મહારાજ ! જલ પર ઉદય જોઈને**
**ચંદ્રનો હૃદયમાં હર્ષ જામે,**
**સ્નેહઘન, કુસુમવન વિમલ પરિમલ ગહન,**
**નિજ ગગન માંહિ ઉત્કર્ષ પામે;**
**પિતા ! કાલના સર્વ સંતાપ શામે !**
**નવલ રસ ધવલ તવ નેત્ર સામે,**
**પિતા ! કાલના સર્વ સંતાપ શામે !’**

સાગર પર ચંદ્રોદયની બાહ્ય ઘટનાનો કાવ્યનાયકના ક્લાન્ત ચિત્ત પર એવો પ્રભાવ પડે છે કે તે શાન્ત બને છે અને પછી હર્ષોલ્લાસિત થાય છે. આ પાર્થિવ અને આકાશી ઘટનાને આધારે કવિચિત્ત સર્જન તરફ વળે છે. અહીં ‘કાલ’ શબ્દ બે અર્થમાં લઈ શકાય તેમ છે. ‘કાલ’ એટલે ‘ગત કાલ’ અને કાલનો બીજો અર્થ ‘કાળ’ સમય – પણ ઘટાવી શકાય. આમ, પ્રેરણાથી કવિ સર્જન માટે પ્રેરિત તો થાય જ છે, પણ પછી એની સર્જકતા, કલાબુદ્ધિ અથવા બુદ્ધિકલા એના સર્જનને સર્જનાત્મક બનાવવા તરફ લઈ જાય છે.

આવું જ વર્ડ્ઝવર્થની બાબતમાં પણ બન્યું. વર્ડ્ઝવર્થે આકાશમાં મેઘધનુષ ઊગતું નિહાળ્યું, જેમ કાન્તે સાગર પર ચંદ્રોદય થતો નિહાળ્યો. આકાશમાં મેઘધનુષ ખેંચાયું એ ચિત્તબહારની આકાશી ઘટના છે. કવિનું ચિત્ત એથી પ્રેરાયું કંઈક અભિવ્યક્ત કરવા માટે અને પંક્તિ સરી પડી :

‘My heart leaps up when I behold
A rainbow in the sky’
(હું આકાશમાં મેઘધનુષ જોઉં છું ને મારું હૃદય ઊછળી ઊઠે છે.)

વર્ડ્ઝવર્થને આ પંક્તિ તરફ પ્રેરી જનાર છે ઉપરોક્ત આકાશી ઘટના. પ્રેરણાનું કામ કોઈ બાહ્ય ભૌતિક કે અભૌતિક ઘટના બને છે તેનાથી કવિને સર્જન તરફ પ્રેરવાનું છે.

આવી જ સાંસારિક ઘટના કલાપીના પરિવારમાં બને છે. એમની બહેન વિધવા બને છે. હવે આ દુઃખદ ઘટના કવિના હૃદયને ક્ષુબ્ધ કરી મૂકે છે. આ ક્ષુબ્ધ કરવાનું પરિણામ કોઈ કાવ્યનિર્મિતિમાં આવવું તે પ્રેરણાનું ઉત્તરદાયિત્વ છે. આ દુઃખદ કારમી ઘટના કવિને કાવ્યસર્જન કરવા પ્રેરે છે, અને કાવ્યકૃતિ રચાય છે : ‘વિધવા બહેન બાબાંને’. કવિ આવા દુઃખદ પ્રસંગે ચિત્તને શાન્ત બનવા પ્રેરે છે અને એ જ પ્રેરણા પોતાની બહેનને પણ શાન્તિ રાખવા માટે કાવ્યસર્જન તરફ વાળે છે. આમ રચાય છે ઉક્ત કાવ્યનો ઉપાડ :

**‘વહાલી બાબાં ! સહન કરવું એય છે એક લ્હાણું !**
**મ્હાણ્યું તેનું સ્મરણ કરવું એય છે એક લ્હાણું !’**

આમ, પ્રેરણા તો કવિચિત્તને સર્જન તરફ પ્રેરિત કરવાનું જ કામ કરે છે. પછી તેની બુદ્ધિશક્તિ આ કે તે, વિધેયાત્મક કે નિષેધાત્મક ભૌતિક વલણ તરફ દોરી જાય

છે, જેને આધારે સર્જન અસ્તિત્વમાં આવે છે. આમ અહીં માનસશાસ્ત્રીય અભિગમ તરફ પ્રેરણા કવિને દોરી જાય છે.

તો વળી કવિ ન્હાનાલાલના કાવ્યમાં પ્રેરણા એમને એક આધ્યાત્મિક વલણ તરફ દોરી જાય છે. ન્હાનાલાલે 'પ્રેમભક્તિ' તખલ્લુસ સ્વીકારેલું. એમના જીવનમાં પણ શુદ્ધ પ્રેમ અને વિશુદ્ધ ભક્તિનો મહિમા રહ્યો છે. એમનું અંતર હરિદર્શન માટે ઝૂરી રહ્યું છે. હિન્દી કવિની 'અખિયાઁ હરિદર્શન કી પ્યાસી' પંક્તિથી આપણે સુવિદિત છીએ. અહીં પણ ગુજરાતીના મહાન કવિ ન્હાનાલાલ પણ હરિદર્શન માટે તડપી રહ્યા છે. અને આ દર્શન કરવાની ઘટના ચાક્ષુષ છે એટલે કે બાહ્ય ભૌતિક ઘટના છે. અંદરનો આત્મા તો કદાચ એ અનુભવી રહ્યો હશે, પણ કવિને હરિનું આંખ દ્વારા સ્થૂળ દર્શન કરવું છે ! આમ ન થવાથી કવિનું ચિત્ત વ્યાકુળ અને વેદનાદગ્ધ બને છે. પરિણામે આ પ્રેરણા એમને 'હરિનાં દર્શન' નામનું કાવ્ય રચવા તરફ પ્રેરે છે. એમની સર્જક બુદ્ધિશક્તિ અને હૃદયભાવ એમની પાસે આ પંક્તિઓ રચાવે છે :

**'મ્હારાં નયણાંની આળસ રે, ન નીરખ્યાં હરિને જરી;**
**એક મટકું ન માંડ્યું રે, ન ઠરિયાં ઝાંખી કરી.'**

કવિનું કહેવાનું તો હરિને નથી, એમની ફરિયાદ હરિ સામે નથી. હરિનાં દર્શન થતાં નથી એમાં વાંક પોતાનાં નયણાંનો છે. આ છે પ્રેરણાનું પરિણામ. ત્યાં કવિની આધ્યાત્મિક વૃત્તિ તેમને નિજના દોષદર્શન તરફ લઈ જાય છે. આ રીતે અહીં પ્રેરણા અધ્યાત્મચિંતન જાગ્રત કરવાનું કામ કરે છે અને પછી એ મેટાફિઝિકલ કાવ્યાભિવ્યક્તિ તરફ કવિને લઈ જાય છે. પ્રેરણા તો ઘણાંને, ઘણા સર્જકોને આવી થતી પણ હશે; પણ કંઈ બધા કવિઓ આ જ પ્રકારની કાવ્યરચના ના કરી શકે. માટે જ કહેવાયું છે કે 'The muse does not inspire all poets equally.' (સરસ્વતી સહુ કવિઓને એકસરખા પ્રેરિત કરતી નથી.)

પ્રેરણા સર્જકતાનો મૂળ સ્રોત છે એ વાત સાચી. પણ પ્રેરણાનું સર્જનાત્મક પરિણામ બધે કે બધા સર્જકોમાં એકસરખું આવતું નથી. આપણે સહુ ચંદ્રોદય જોઈએ છીએ, કેટલાકે સાગરકાંઠે પણ ચંદ્રોદય જોયો હશે, તો વળી આપણામાંથી ઘણાંએ આકાશમાં મેઘધનુષ ખેંચાતું નિહાળ્યું હશે. છતાં એ પ્રેરણા કાન્ત કે વર્ડ્ઝવર્થને જે રીતે કાવ્ય રચવા તરફ પ્રેરિત કરે છે તેમ બધાં સર્જકોને ના પણ કરે અને જો કરે તો બધાં સર્જકોનાં સર્જનાત્મક પરિણામો એકસરખાં ન જ આવે. આધ્યાત્મિક આરતવાળાં અનેકોને પ્રભુદર્શનની રઢ લાગી હોય તોપણ ન્હાનાલાલથી જે પંક્તિઓ સર્જાઈ છે તેવી બધાં એ પ્રકારના જિજ્ઞાસુઓ એવી પંક્તિઓનું સર્જન ન પણ કરી શકે.

આમ કલાસર્જનમાં પ્રેરણા પાયારૂપ છે એ વાત સાચી, પણ સર્જનાત્મક પરિણામમાં સર્જકની બુદ્ધિપ્રતિભા મહત્ત્વનો ભાગ ભજવે છે. જેમ કોઈ બીજ વગર વૃક્ષ ન ઊગી શકે તેમ સર્જનાત્મક કૃતિ જો વૃક્ષ છે તો પ્રેરણા તેનું બીજ છે.